**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૩ ટકા

# બજારોમાં કાચી કેરીનું આગમન

## ઉનાળામાં ખાઓ કાચી કેરી અને રહો તાજામાજા : ઉનાળાની ગરમીમાં લૂથી બચવાથી લઇને પેટમાં ટાઢક સુધીનું કામ કેરી કરે છે

ગાંધીનગર.તા.૧૫

શિયાળાની ઋતુ તેના વિદાય ભણી જઈ રહી છે ત્યારે અત્યારે માર્કેટમાં નાની નાની કુમળી કેરીનું આગમન થઈ ચુક્યું છે. કાચી કેરી એક સ્વાસ્થ્યપ્રદ ફળ છે. ગરમી શરૂ થતા જ બજારમાં કાચી કેરીનું આગમન થયું છે. ગરમીમાં બજારમાં પુષ્કળ પ્રમાણમાં આવા ખાટ્ટા ફળોને જોઈને આંખને ઠંડક પહોંચે છે. કાચી કેરી વજન ઓછું કરવામાં કારગર છે. કાચી કેરી ડાયાબિટીઝવાળા દર્દીઓ માટે પણ ખૂબ જ સારી માનવામાં આવે છે. ઉનાળો એટલે કેરીની સીઝન, કાચી હોય કે પાકી કેરી સૌની ભાવતી હોય છે. ઉનાળાની ગરમીમાં લૂથી બચવાથી લઈને પેટમાં ટાઢક સુધીનું કામ કેરી કરે છે. કાચી કેરીનું સરબત પણ લોકોને ખુબ પ્રિય છે.કાચી કેરી માં સંચળ નાખીને મસાલેદાર કેરી ખાવાની અલગ જ મજા છે.

કાચી કેરીનું સેવન પણ ખૂબ ફાયદાકારક છે. કાચી કેરી-ડુંગળીનું કચુમ્બર ખાઈને તડકામાં નિકળો તો લૂ પણ નથી લાગતી. કાચી કેરીની ચટ્ટણી, છુંદો બનાવવામાં આવે છે. કાચી કેરી સ્વાદમાં ભલે ખાટ્ટી હોય પરંતુ શરીર માટે ખુબ ગુણકારી છે.

**કાચી કેરી અમૃત સમાન**

એક કાચી કેરીમાં સફરજન, કેળા, લિંબુ અને સંતરા કરતા પણ વધુ વિટામિન સી હોય છે. કાચી કેરીમાં એટલી બધી માત્રામાં જુદા જુદા પોષક તત્વો મળે છે કે જેનાથી ઘણી બિમારીઓને દુર કરી શકાય છે. કાચી કેરીને ખાવાથી શરીરમાં પાણીની અછત નથી સર્જાતી.

**એસિડિટી દૂર થશે**

એસિડિટીની ફરિયાદ રહેતી હોય તેમણે ખાસ બપોરના ભોજનમાં કાચી કેરી લેવી જોઈએ. આજના સમયમાં અનિયમિત ખાન-પાનના કારણે એસિડિટી સામાન્ય થઈ ગઈ છે. પરંતુ કાચી કેરીના સેવનથી એસિડિટીની સમસ્યા થતી નથી.

**લિવર માટે ફાયદારૂપ**

કાચી કેરી ખાવાથીથી લિવરની સમસ્યામાં સુધારો લાવી શકાય છે. કાચી કેરી લિવરની કામગીરીને સુધારવાનો કુદરતી ઉપાય છે. લિવરમાં પિત્ત અને એસિડના કારણે અનેક જાતના રોગ થાય છે. કાચી કેરી આંતરડામાં થતા સંક્રમણને પણ દુર કરે છે.

**દાંત સ્વસ્થ થશે**

કાચી કેરીથી ફક્ત પેઢા જ નહીં દાંત પણ સાફ થાય છે. કાચી કેરીના કારણે દાંત લાંબા સમય સુધી મજબૂત રહે છે. તેમજ મોઢામાંથી આવતી શ્વાસની દુર્ગંધ પણ દુર થાય છે.

**રોગપ્રતિકારક શક્તિ વધશે**

કાચી કેરી શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. સાથે જ કેટલાય રોગોથી



લડવાની ક્ષમતા આપે છે.

**રક્ત વિકારને દુર કરશે**

કાચી કેરીમાં વિટામીન સીની માત્રા વધુ હોવાથી લોહીના વિકાર સામે લડવામાં મદદ મળે છે. રક્ત વિકારની સમસ્યાને કાચી કેરીના સેવનથી દુર કરી શકાય છે.

**લૂ થી બચી શકાશે**

ઉનાળાની વધતી જતી ગરમીમાં લૂથી બચવા માટે કાચી કેરી અક્સીર ઉપાય છે. સાથે જ ગરમીના કારણે શરીર થતી અળાઈને પણ દુર કરે છે.

કાચી કેરી ગરમીમાં શરીરને આંતરીક ઠંડક આપે છે જેથી શરીરનું તાપમાન જળવાઈ રહે છે અને ગરમી સામે લડી શકે છે.

## વિનયન કોલેજ ખાતે ભૌગોલિક પરિપેક્ષમાં ગુજરાત વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૧૫

સરકારી વિનયન કૉલેજના ભૂગોળ વિભાગના નેજા હેઠળ ગુજરાત ભૂગોળ મંડળ દ્વારા "ભૌગોલિક પરિપેક્ષમાં ગુજરાત" વ્યાખ્યાન શ્રેણીના ચોથા મણકાના વ્યાખ્યાન યોજાયું જેમાં ડૉ. શીતલ શુક્લએ "ગુજરાતમાં કૃષિ ક્ષેત્ર ની ઉત્પાદકતા અને દુર્બળતા" અને ડૉ. નિયતિ મિસ્ત્રીએ "ગુજરાતમાં ઘટી ગયેલ મહિલાઓનું મેપિંગ" ના સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીમાં મોટી સંખ્યામાં અમદાવાદ અને ગાંધીનગરની કૉલેજના અધ્યાપકો અને વિધાર્થીઓ હજાર રહ્યા હતા. ગુજરાત ભૂગોળ મંડળના ડૉ. મહેશ પટેલ અને ડૉ ઘનશ્યામ અંજરાએ મંડળની પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આખા પ્રોગ્રામનું સફળ સંચાલન ડૉ. ચેતન ચૌહાણ કર્યું. ભૂગોળ વિભાગ નો પરિચય ડૉ ફાલ્ગુની શાહે આપ્યો અને આભારવિધી ડૉ. જોલી દેસાઈએ કરી હતી.

## જીઆઈપીએસમાં 'બ્રાઉન ડે'ની ઉત્સાહભેર ઉજવણી



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજામાં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારના રોજ 'બ્રાઉન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને બ્રાઉન રંગની અલગ અલગ વસ્તુઓની જાણકારી આપવામાં આવી હતી.

## ચૌધરી સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૫



ડો.સોહમ ધીરૂભાઈ ચૌધરીએ ડીએમ કાર્ડીયોલોજીની પદવી નામાંકિત કોલેજ એસજીપીજીઆઈ, લખનૌથી ઓગસ્ટ-૨૦૨૨માં પ્રાપ્ત કરી છે. આથી વિશેષ યુપીસીએસઆઈ તરફથી તાજેતરમાં કાનપુર ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં બેસ્ટ ડી.એમ.સ્ટુડન્ટ-૨૦૨૨ કાર્ડીકોન-૨૦૨૩ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ડો.સોહમ ચૌધરીએ એમબીબીએસ બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદથી અને એમડી મેડીસીનની પદવી એમ.પી.શાહ મેડીકલ કોલેજ જામનગરથી મેળવી છે. આ સિધ્ધી પ્રાપ્ત કરી કુટુંબ તથા ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું છે. સમાજમાં ડીએમ કાર્ડીયોલોજીની પદવી અને ગોલ્ડ મેડલ મેળવનાર પ્રથમ ડોકટર છે.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનો એથ્લેટિક્સ ઈવેન્ટમાં ઝળકી

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત યુનિવર્સીટી આંતર કોલેજ એથ્લેટીકસ (ખેલકુદ)ની સ્પર્ધા તાજેતરમાં ગુજરાત યુનિવર્સીટી, સીન્થેટીકસ ટ્રેક સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ત્રણ દિવસ યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિ.ની જુદીજુદી કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પટેલ શિવાનીએ ગોળા ફેંક ઈવેન્ટમાં ગોલ્ડ અને બરછી ફેંકમાં સિલ્વર જયારે ભરવા જીવીએ ૧૦૦ મી. હર્ડલ્સમાં સિલ્વર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ ત્રણેય ખેલાડીઓને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તેમજ કોલેજના કન્વીનર રણછોડભાઈ ચોધરી તથા ટ્રસ્ટીઓ અને કોલેજના આચાર્ય ડો.એમ.એમ.ચૌધરી તેમજ શારીરીક શિક્ષણના પ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી તથા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

## IIT અને HILTIએ પેસિવ ફાયર પ્રોટેકશન સિસ્ટમ માટે પરીક્ષણ સુવિધાઓ વધારવા માટે હાથ મિલાવ્યા

ગાંધીનગર, તા.૧૫

ભારતે તાજેતરના વર્ષોમાં 'ફાયર પ્રોટેકશન'ના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, ખાસ કરીને નેશનલ બિલ્ડીંગ કોડમાં તાજેતરના સુધારા સાથે, પરંતુ હજુ પણ ચોક્કસ ક્ષેત્રો, ખાસ કરીને 'પેસિવ ફાયર પ્રોટેક્શન સિસ્ટમ્સ'પર વધુ કેન્દ્રિત સંશોધનની જરૂર છે. પેસિવ અગ્નિ સુરક્ષા પ્રણાલી એ ઈમારત અથવા માળખાના ઘટકો અથવા સિસ્ટમોનો સમૂહ છે જે આગને રોકવામાં અને તેને વધુ ફેલાતા અટકાવવામાં મદદ કરે છે. આ દિશામાં ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર IITGN એ'પેસિવ ફાયર પ્રોટેકશન સિસ્ટમ્સ'માટે પરીક્ષણ સુવિધાઓ વધારવા માટે HILTI ઈન્ડિયા સાથે જોડાણ કરવાની પહેલ કરી છે. IITGN ખાતે આવી સુવિધા સંશોધકોને ભારતીય ઓપરેટિંગ પરિસ્થિતિઓ હેઠળ વિવિધ ડિઝાઈન પાસાઓ, સામગ્રી, અને અન્ય સંબંધિત પરિબળોનો નજીકથી અભ્યાસ કરવા સક્ષમ બનાવશે અને ચોક્કસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ઉત્પાદનોના પરીક્ષણને સંભવ બનાવશે.

નવા સહયોગ પર બોલતા, સેન્ટર ફોર સેફટી એન્જિનિયરિંગ, IITGNના સંયોજક ડૉ ગૌરવ શ્રીવાસ્તવે જણાવ્યું કે, "બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં સમાવિષ્ટ ફાયર લોડનો દર તાજેતરના વર્ષોમાં ખૂબ જ વધી ગયો છે, અને તેથી તાત્કાલિક જરૂરિયાત છે કે દેશમાં આગને તેના સ્ત્રોત પર રોકવા માટે પેસિવ અગ્નિ સુરક્ષા પગલાંની સમજ વધારવામાં આવે. આ શૈક્ષણિક-ઉદ્યોગિક સહયોગ બિલ્ટ પર્યાવરણમાં પેસિવ અગ્નિ સુરક્ષાના મહત્વની સમજ વધારવામાં મદદ કરશે."

## ૫૧ શક્તિ પીઠ યાત્રામાં વોર્ડ નં.૬ના ભક્તો જોડાયા




ગાંધીનગર, તા.૧૫

સેક્ટર ૧૪ અને સેક્ટર ૧૩ ના ધર્મ પ્રેમીઓને હિતેશ મકવાણા મેયર અને ધારાસભ્ય રિટા પટેલના વિચાર અનુસૂચિત જાતિ મોરચાના ઉપાધ્યક્ષ ધર્મનિષ્ઠ બેન ચૌહાણ દ્વારા ધર્મ યાત્રા માટે ૬૦ વ્યક્તિઓને લઈને સુંદર વ્યવસ્થા કરાઈ હતી. ડૉ ગુલાબચંદ પટેલ વોર્ડ નંબર ૬ના બુથ ૧૫૮ પ્રમુખ અને મિડિયા સંયોજક યાત્રાનો સાક્ષી બન્યો છું. આ વ્યવસ્થામા સહયોગીઓ ધર્મિષ્ઠાબેન ચૌહાણ ઉપપ્રમુખ અ.જા.મોરચો, ડૉ.ગુલાબચંદ પટેલ મીડીયા કન્વીનર વોર્ડ ૬ કાંતિભાઈ પટેલ એડવોકેટ અને કો.ઓર્ડિનેટર અ.જા.મો. મનિષાબેન પંડયા, પાર્વતીબેન પટેલ, વિમળાબેન પટેલ, ભલીબેન ઠાકોર મહિલા મંડળ, જગદીશભાઈ પટેલ, તમામ સહયોગીઓ ધાર્મિક કાર્યમા સહયોગ આપી માના ચરણો મા પોતાના સંકલ્પની આરાધના કરી. માના ગીતો ગરબા સ્તુતિ સાથે દિવસ પુરો થયો અને સાજના ગાંધીનગર પરત આવી ગયા હતા.

## અશ્વિનભાઈ કોમર્સ કોલેજની એનએસએસ સ્વયંસેવક વિભૂતી પટેલે પરેડમાં નવી દિલ્હી ખાતે ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજની એનએસએસની સ્વયંસેવક વિભૂતી પટેલે રિપબ્લિક ડે પરેડમાં ભાગ લીધો હતો. એસ.વાય.માં ભણતી વિભૂતી પટેલે નવી દિલ્હી ખાતે દર વર્ષની જેમ આ વર્ષની ગૌરવપૂર્ણ કર્તવ્ય પથ પર યોજાયેલ રિપબ્લિક ડે પરેડમાં ભાગ લઈ સમગ્ર કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું હતું. એક મહિના સુધી દિલ્હી ખાતે યોજાયેલા વિવિધ કાર્યક્રમો જેવા કે પરેડ પ્રેક્ટિસ, યોગ-પ્રાણાયામ, એકેડેમિક સેશન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ વિભૂતી પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. રિપબ્લિક ડે પરેડ પછી રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુ , પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર જેવા મહાનુભાવોની મુલાકાત લેવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. વિભૂતિને આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, એનએસએસ પ્રોગ્રામના કોર્ડીનેટર ડૉ. રણછોડ રથવી અને કોલેજના આચાર્ય ડૉ.વિજ્ઞા ઓઝા અને સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન આપ્યા હતા. વિભૂતી પટેલને આર.ડી. પરેડ અંગે માર્ગદર્શન કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડોકટર રણછોડ રથવી અને આસિસ્ટન્ટ પ્રોફેસર અંજલી પટેલે આપ્યું હતું.




## ગાંધીનગરમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિ. માટે ૨૧મીએ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૫

જિલ્લા રોજગાર કચેરી ગાંધીનગર અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૧-ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, બલરામ મંદિર પરિસર હોલ સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં દેશની પ્રસિદ્ધ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ ભાગ લેશે. જેમાં બી. પી. એસ ટ્રેઈની જગ્યા માટે મોટા પ્રમાણમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ઉમેદવારો કે જેમણે બી.કોમ,બી.એ,બી.બી.એ તથા બી.એસ.સી (નોન સી.એસ આઈ.ટી) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા માત્ર ફ્રેશર્સ તથા નોન ટેકનીકલ ગ્રેજ્યુએટ ઉમેદવાર અને અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ ધરાવતા હોય તેમ જ વર્ષ ૨૦૨૧અને ૨૨માં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું હોય તેવા ૧૮ થી ૨૮વર્ષની વય ધરાવતા તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. વધુમાં જણાવવાનું કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ દ્વારા એક કલાકની લેખિત પરીક્ષા લેવામાં આવશે. આથી જિલ્લાની ઉપરોક્ત જગ્યા માટેની લાયકાત ધરાવતા ઉમેદવાર મિત્રોને જણાવવાનું કે ભરતી મેળાના સ્થળ પર પોતાની શૈક્ષણિક લાયકાત મુજબ ડોક્યુમેન્ટ અને બાયોડેટા તથા પેડ અને પેન સહિત ઉપસ્થિત રહેવાનું રહેશે. વધુ માહિતી માટે રોજગાર હેલ્પલાઈન નંબર-૬૩૫૭ ૩૯૦૩૯૦ પર ફોન કરી, અથવા જિલ્લા રોજગાર કચેરી સી-વીંગ પ્રથમ માળ, સહયોગ સંકુલ સેક્ટર- ૧૧ ગાંધીનગરની રૂબરૂ મુલાકાત લઈ માહિતી મેળવવી શકાશે.

## સેકટર-૨૩ આર.જી.કન્યા વિદ્યાલયનો એનએસએસ શિબિર ઉનાવામાં યોજાયો

ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર.જી.પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી.પટેલ કન્યા ઉ.મા.શાળા સે-૨૩ ખાતે કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ)ની શિબિરના ૧૭માં સોપાનનો ઉદઘાટન સમારંભ ઉનાવા ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. માર્ગ સલામતી અને મહિલા સશક્તિકરણ વિષય પર આધારિત આ શિબિરના ઉદઘાટન પ્રસંગે વિદ્યાર્થી આશ્રમ ઉનાવાના ઉપપ્રમુખ પશાભાઈ એમ.પટેલ, મંત્રી એચ.એલ.પટેલ, કારોબારી સભ્ય એલ.એસ.પટેલ તથા મનુભાઈ પટેલ, કડી કેમ્પસના ડાયરેકટર ડો.કેયુરભાઈ શાહ, સે-૨૨ પોલીસ ટ્રાફિક પીએસઆઈ પી.વી.રાઠોડ, ઉનાવાના સરપંચ યોગેશભાઈ રાઠોડ, ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખભાઈ પટેલ, કન્યા શાળાના આચાર્ય ગીતેષભાઈ પટેલ, શેઠ સી.સી.શાહ વિદ્યામંદિર ઉનાવાના આચાર્ય અશોકપુરી આર.ગોસ્વામી, વિદ્યાર્થી આશ્રમ ઉનાવાના આચાર્ય રાકેશભાઈ પટેલ હાજર રહયા હતા. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ એમ.પટેલ તથા જિલ્લા શિક્ષણાધિકારી બી.એન.પ્રજાપતિ હાજર રહી શકયા નહોતા જેથી શુભેચ્છા પાઠવી હતી. શાળાના એનએસએસ એકમના પ્રોગામ ઓફીસર જશુભાઈ એચ.સુતરિયાએ રાષ્ટ્રીય સેવાના હેતુ, એનએસએસ કેડેટસની આચારસંહિતા અને વિદ્યાર્થીઓ દ્વારા ઉનાવા ખાતે આયોજિત આઠ દિવસની શિબિર દરમિયાન કરવામાં આવનાર વિવિધ કાર્યો વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે એનએસએસની કેડેટસ દ્વારા માર્ગ સલામતી અંતર્ગત એક લઘુનાટિકા અને સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે સમુહ નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે અર્બન ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૫

વનસ્પતિશાસ્ત્ર વિભાગ, "પીપલ" ઈકોક્લબ,સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના અને અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર, ગાંધીનગરના સયુક્ત ઉપક્રમે ૭૦ વિદ્યાર્થીઓએ આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટના માર્ગદર્શનથી યોજાયેલ અર્બન ટ્રેનિંગ પ્રોગ્રામમાં હાજરી આપેલ હતી. આ કાર્યક્રમમાં મૌલિક પટેલ (Horticulture Assistant) દ્વારા કિચન ગાર્ડન કેવી રીતે તૈયાર કરવું તથા પ્રાકુતિક ખેતી વિષે ખૂબ સરસ અને ઊંડાણપૂર્વક સમજૂતી આપી. શાકભાજી વર્ગની વનસ્પતિઓ જેવી કે લીલી ડુંગળી, લસણ, મેથી, ધાણા, ગવાર, પાલખ , ચોળી, ભીંડા, ગલકા, તૂરિયા, દૂધી વગેરેના બીજને કઈ ઋતુમાં અને કયા મહિનામાં વાવણી કરવી તથા તેની માવજત કેવી રીતે કરવી તે પ્રાયોગિક રીતે સમજાવ્યું. તદપરાંત વનસ્પતિ પ્રસર્જનની વિવિધ કલમ પધ્ધતિ વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા તથા જીવામૃત અને બીજામૃત તૈયાર કરવાની રીત સમજાવી હતી. ગણપતસિંહ વાઘેલા(Honeybee Consultant) દ્વારા મધપૂડા ઉછેર અને બોનસાઈ (વામન કદના છોડ) વિષે માહિતી આપીતથા કાર્યક્રમના અંતે યોગ-શિક્ષક જયોતિબેન એન. ગોસ્વામીએ મેડિટેશન અને ધ્યાન દ્વારા વિદ્યાર્થીઓને મગજની ખેતી કરાવી માનસિક શાંતિનો અનુભવ કરાવ્યો. ડૉ. ફારૂકભાઈ પૂંજ (Deputy Director, Horticulture)ના માર્ગદર્શનથી વૈશાલી પી. કેવડીયા (Assistant Director, Horticulture)અને તેમની ટીમે એ સમગ્ર કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## જન્મદિને વધામણી



કૈરવ દેસાઈ



યશ્વી પટેલ



અમૃતા કર્ણવ દવે



બેંકર ધર્મ કલમેશ
મો. ૮૮૪૮૪ ૧૦૧૦૯



ધર્મેશજી ઠાકોર



મનીષા જોષી
(પક્ષી બચાવ/સરંક્ષણ)
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦



રૂદ્રદત્તસિંહ બિહોલા



શિવાંશી જતીન ઓઝા
મો. ૯૪૨૬૧ ૬૩૬૬૩



જગદીશચંદ્ર એમ. પ્રજાપતિ



ધર્મેન્દ્ર આર. પટેલ



સોલંકી ડાહીબેન ખેમચંદભાઈ



ઓઝા શિવાંશી જતીનકુમાર